**<u>ફોજદારી કેસ નંબર ૫૨૦૦૦ /૨૧ ના કામે આંક–૧ નીચે હુકમઃ–</u>**

**(1)** વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા. આ કામે ઈ.પી.કો. કલમઃ ૧૮૮ તથા The Disaster Management Act,2005 ની કલમ–૫૧ બી મુજબના ગુન્હા સબબનુ ચાર્જશીટ પોલીસ એજન્સી દ્રારા કરવામા આવેલ છે. ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમઃ ૧૯૫ તળે ઈ.પી.કો.કલમઃ ૧૮૮ ના ગુન્હાનુ સંજ્ઞાન (Cognizence) પોલીસ ચાર્જશીટ ઉપરથી અદાલત લઈ શકતી નથી. કલમઃ ૧૯૫ મુજબ જે રાજકીય સેવકના લેખિત હુકમ, પરીપત્ર, જાહેરનામાંનો ઈરાદાપુર્વક ભંગ થયેલ હોય તે રાજય સેવક દ્રારા જાતે અગર તેના વહીવટી તાબાના કોઈ અધીકારી દ્રારા જયા સુધી કોર્ટની અંદર ઈ.પી.કો.કઃ ૧૮૮ તળે ફરીયાદ દાખલ કરવામા ન આવે ત્યા સુધી અદાલત, ઈ.પી.કો.કલમઃ ૧૮૮ ના ગુન્હાનુ સંજ્ઞાન (Cognizence) લઈ શકશે નહી જે સબંધે નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્રારા પોતાના ચુકાદા– 2017(0)-AIJEL=HC-2374 13: GOVARDHAN KUMAR THAKOREDAS ASRANI VS. STATE OF GUJARAT ના ચુકાદામા પ્રસ્થાપીત કરેલ છે કે " જો આરોપી વિરુધ્ધ ક્રિ.પ્રો.કોડની કલમઃ ૧૯૫ નો બાધ નડે છે તેવી કલમોના ચાર્જશીટ રજુ થયેલ હોય ત્યારે તેમા કોગ્નીઝન્સ લેવાની નીચલી અદાલતને સત્તા નથી ." વધુમા નામદાર સુપ્રિમ કોર્ટ દ્રારા પોતાના ચુકાદા AIR-2012-SC-1747 : BHUSHAN KUMAR VS. STATE (NCT OF DELHI) ANR મા પ્રસ્થાપીત કરેલ છે કે– " પોલીસ રીપોર્ટ ઉપરથી શરૂ કરવામા આવેલ કેસોમા એક વખત મેજીસ્ટ્રેટ દ્રારા સમન્સ કાઢવાનો હુકમ કરવામા આવે ત્યારે તે સ્ટેજ ઉપર મેજીસ્ટ્રેટ દ્રારા તે ચાર્જશીટનુ કોગ્નીઝન્સ લીધેલ છે તેવુ માની શકાય. "

**(2)** પ્રસ્તુત ચાર્જશીટ રજુ થયા બાદ આ અદાલત દ્રારા આરોપી વિરુધ્ધ કોઈ સમન્સ કાઢવાનો આદેશ કરેલ નથી અને સદરહુ ચાર્જશીટ માત્ર ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવાનો અને સંજ્ઞાન લેવા માટે સાંભળવા ઉપર છે. કેસની હકીકત વંચાણે લેતા પોલીસ એજન્સી દ્રારા સક્ષમ સત્તાધિકારના જાહેરનામાંના ભંગ બદલ હાલનુ ચાર્જશીટ રજુ કરેલ છે. ફરીયાદી, પોલીસ અધીકારી છે અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્રારા કે તેના કોઈ વહીવટી તાબાના અધીકારી દ્રારા નામદાર કોર્ટ રૂબરૂ કોઈ ફરીયાદ દાખલ કરેલ નથી તે બાબત સ્પષ્ટ છે. ત્યારે આ કામે કરવામા આવેલ ઈ.પી.કો.કલમઃ ૧૮૮ ની ફરીયાદને ક્રિ.પ્રો.કોડની કલમઃ ૧૯૫ નો સ્પષ્ટપણે બાધ નડે છે તેવુ મારૂ માનવુ છે.

વિશેષમા *GOVARDHAN KUMAR THAKOREDAS ASRANI VS. STATE OF GUJARAT (supra)* ના ચુકાદામા નામદાર ગુજરાત હાઈકોર્ટે પ્રસ્થાપીત કરેલ છે કે– જયારે આરોપી ઉપર ક્રિ.પ્રો.કોડની કલમઃ ૧૯૫ નો બાધ નડતો હોય તેવા ગુન્હા

સાથે અન્ય બાધ નડતો ન હોય તેવા ગુન્હાનો આક્ષેપ પણ મુકવામા આવેલ હોય અને ત્યારે જો બંને ગુન્હાઓ એકબીજા સાથે સંકળાયેલ હોય અને બંનેને જયારે જુદા પાડી શકાય તેમ ન હોય ત્યારે આવા પ્રકારના તમામ ગુન્હાઓનુ કોગ્નીઝન્સ નીચલી અદાલત લઈ શકે નહી. પ્રસ્તુત કેસમા, હાલના આરોપી ઉપર અન્ય ગુન્હાનો આક્ષેપ પણ મુકવામા આવેલ છે. સદરહુ ગુન્હાના મુળભુત તત્તો જોઈએ તો જયારે એકપણ વ્યકિતના કૃત્યથી જીંદગીને જોખમકારક રોગનો ચેપ ફેલાવવાનો સંભવ હોય તેવુ કૃત્ય ગેરકાયદેસર રીતે અગર બેદરકારીથી કરે તો ત્યારે આ કૃત્યને આ કલમ તળે ગુનાહીત કૃત્ય ગણી શકાય. પ્રસ્તુત કેસમા હાલના આરોપી પોતે કોવીડ–૧૯ ના ચેપી રોગથી પિડાતા હોય અને તેઓને કવોરેન્ટિન કરવામા આવેલ હોય અને તેમ છતા તેઓ બેદરકારીથી બહાર નીકળી ગયેલ હોય અને રોગનો ફેલાવો થયેલ હોય તેવો ફરીયાદપક્ષનો કેસ નથી. જેથી હાલના આરોપીના માત્ર બહાર નીકળવાના કૃત્યને અલગ પ્રકારનો ગુન્હો ગણી શકાય નહી. જેથી આ કેસની હકીકતના સંજોગો ધ્યાને લેતા, ઈ.પી.કો.કલમઃ ૧૮૮ અને અન્ય ગુનાઓ અલગ પાડી શકાય તેમ નથી ત્યારે *GOVARDHAN KUMAR THAKOREDAS ASRANI VS. STATE OF GUJARAT (supra)* ચુકાદાનો સિધ્ધાંત ધ્યાને લેતા આ અદાલતને આ કેસમા ગુન્હાનુ સંજ્ઞાન લેવાની સત્તા પ્રાપ્ત થતી નથી તેવુ મારૂ માનવુ છે.

વધુમા નામદાર બોમ્બે હાઈકોર્ટની નાગપુર બેંચ દ્વારા ક્રિ.પ.અ.નં. ૪૫૩/૨૦ *H.L.A S.H.W.E VS. STATE* ના કામે તા. ૨૧/૦૯/૨૦૨૦ ના રોજ ડીવીઝન બેંચે ઈ.પી.કો.ક. ૧૮૮ ,૨૬૯, ૨૭૦ તથા ફોરેનર એકટ કલમ–૧૪ તથા એપીડેમીક ડીઝાસ્ટર એકટ કલમ–૩ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ કલમ–૫૧ મુજબની એફ.આઈ.આર. તથા ચાર્જશીટ ઉપરથી સંજ્ઞાન લેવા સબંધે અદાલતને બાધ હોવાનુ ઠરાવી સમગ્ર કાર્યવાહી કવોસ કરેલ છે.

**(3)** વધુમા પોલીસ એજન્સી દ્વારા આ કામે, The Disaster Management Act,2005 ની કલમ–૫૧–બી મુજબનુ પણ ચાર્જશીટ રજુ કરેલ છે. સદરહુ કાયદાની અંદર પણ ગુન્હાનુ સંજ્ઞાન લેવાની જોગવાઈ આ કાયદાની કલમઃ ૬૦ મા કરવામા આવેલ છે. જે નીચે પ્રમાણે છેઃ–

Section: 60 Cognizance of offence,- No court shall take Cognizance of an offence under this Act except on a complaint made by-

(a) the National Authority, the state Authority, the central Government, the State Government, the District Authority or any other authority or officer authorised in this behalf by that Authority of Government, as the case may be.

સબબ ઉપરોકત જોગવાઈ વંચાણે લેતા તેમા પણ ક્રિ.પ્રો.કોડની કલમઃ ૧૯૫ મા કરેલ છે તે પ્રકારની જ જોગવાઈ કરવામા આવેલ છે. આ કેસમા, પોલીસ એજન્સી દ્વારા પોલીસ ફરીયાદ દાખલ કરેલ છે, નામદાર કોર્ટમા કોઈ ફરીયાદ કરેલ નથી. જેથી હાલની ફરીયાદને The Disaster Management Act,2005 ની કલમઃ ૬૦ નો પણ સ્પષ્ટપણે બાધ નડે છે તેવુ મારૂ માનવુ હોઈ નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**<u>:: હુ ક મ ::</u>**

(૧) પોલીસ ચાર્જશીટને ક્રિ.પ્રો.કોડની કલમઃ ૧૯૫ અને The Disaster Management Act,2005 ની કલમઃ ૬૦ નો બાધ નડતો હોઈ આ કેસની કાર્યવાહી ક્રિ.પ્રો.કોડની કલમ– ૨૫૮ અન્વયે પડતી મુકવાનો અને આરોપી/આરોપીઓને આ કેસમાથી ડિસ્ચાર્જ કરવાનો આદેશ કરવામા આવે છે. મુદ્દામાલ જો પોલીસે કબ્જે કરેલ હોય તો આરોપીને પરત સોંપવો. વચગાળાના હુકમો કાયમી કરવા.

(૨) ક્રિ.પ્રો.કોડની કલમઃ ૪૩૭–એ મુજબ આરોપીના જાતમુચરકા અને જામીન આગામી ૬ માસ સુધી ચાલુ રાખવાનો અને ત્યારબાદ રદબાતલ ગણવાનો આદેશ કરવામા આવે છે.

તારીખ ૧૯ મી માહે જુન ૨૦૨૧ ના રોજ વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખઃ– ૧૯/૦૬/૨૦૨૧
અમદાવાદ.

**( ભાવેશ જેઠાભાઈ પટેલ )**
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૪, અમદાવાદ.
યુનિક કોડ નં. જીજે–૦૦૯૭૭.